

# આપણી વાત

સંકલન : પ્રફુલ્લ રાવલ

## શ્રી ધીરુભાઈ પરીખ અને શ્રી માધવ રામાનુજના માર્ગદર્શનમાં કવયિત્રીઓ માટેની કાવ્યલેખન કાર્યશાળા યોજાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત તા. ૨૮-૬-૨૦૧૫ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કવયિત્રીઓ માટેની એક-દિવસીય કાર્યશાળા યોજાઈ હતી. પરિષદપ્રમુખ અને જાણીતા સાહિત્યકાર શ્રી ધીરુભાઈ પરીખ અને જાણીતા કવિ માધવ રામાનુજના માર્ગદર્શનમાં યોજાયેલ આ શિબિરમાં અમદાવાદ તથા બહારગામની લગભગ ૩૨ બહેનોએ ભાગ લીધો હતો.

કાર્યશાળાના પ્રારંભે પ્રજ્ઞા પટેલ લેખિકા પ્રોત્સાહન નિધિ અંતર્ગત થયેલા કાર્યક્રમો, લેખન શિબિર વગેરેની વાત કરી પ્રાસ્તાવિક ભૂમિકા રજૂ કરી હતી. પરિષદના મંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે સહુને આવકારી માર્ગદર્શક વક્તાઓના પરિચય સાથે પરિષદની વિવિધ પ્રવૃત્તિઓની વાત કરી હતી.

શ્રી ધીરુભાઈ પરીખે એમના મનનીય વક્તવ્યમાં કાવ્યસર્જનનાં વિવિધ પાસાંનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, કવિતા લખાય છે પછી, પહેલાં ચિત્તમાં સર્જાય છે. સાહિત્ય, સંગીત, નૃત્ય એમ વિવિધ કલાઓની સમજ આપી હતી. તેમણે છંદોબદ્ધ કવિતા વિશે માર્ગદર્શન આપી બ. ક. ઠાકોરના 'જૂનું પિયેરઘર' અને રાજેન્દ્ર શાહના 'આયુષ્યના અવશેષે' કાવ્યોનું ખૂબ જ ભાવપૂર્ણ રસદર્શન કરાવ્યું હતું. ઉપસ્થિત બહેનોએ કવિતા, છંદ વિશે પ્રશ્નો રજૂ કરી માર્ગદર્શન મેળવ્યું હતું.

શ્રી માધવ રામાનુજે ગીત, ગીતના લય વિશે ઉદાહરણ સાથે વાત કરી હતી. ગીત-ગઝલ, કવિતા, શબ્દો, લય, પ્રાસાનુપ્રાસ, સંધિ, સમાસ, અછાંદસ કવિતા વગેરે વિશે ચર્ચા કરી સમજ આપી હતી.

સમાપન બેઠકમાં ખાસ ઉપસ્થિત રહેલાં જાણીતાં સર્જક શ્રી ધીરુબહેન પટેલે પોતાનાં સર્જન, સ્વાનુભાવોની વાત કરી આ શિબિર માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

ઉપસ્થિત કવયિત્રીઓ પૈકી સર્વશ્રી ઊર્મિ પંડિત, હેતલ ગાંધી, ગોપાલી બુચ, રક્ષા શુક્લ, પારુલ બારોટ, રસીલા કડિયા, ભાર્ગવી પંડ્યા, રેખા જોશી, ગિરીમા ધારેખાન, મંદાકિની આચાર્ય, સ્વાતિ મેઢ, ફાલ્ગુની ભટ્ટ, બિંદુ માધુ, કિન્નરી દવે, રંજન ખાંટ, સ્મિતા શાહ, ઉર્વશી શાહ, હીરવા ત્રિવેદી, નયના મહેતા, પ્રજ્ઞા પટેલ વગેરેએ સ્વરચિત કાવ્યોનું પઠન કર્યું હતું.

તા. ૧-૮-૨૦૧૫, શનિવારના રોજ બપોરે ૧૨.૩૦થી ૫ કલાક દરમિયાન શ્રી

ધીરુભાઈ પરીખ અને માધવ રામાનુજની ઉપસ્થિતિમાં ગુજરાતી સાહિત્ય પરિષદ ખાતે કાર્યશાળા યોજાઈ હતી.

**– પ્રજ્ઞા પટેલ**

## પરિષદના આગામી કાર્યક્રમો

તા. ૬-૮-૨૦૧૫ અને તા. ૨૦-૮-૨૦૧૫ના ગુરુવારના રોજ પાક્ષિકીમાં વાર્તાનું પઠન થશે. સાંજે ૬-૧૫ કલાકે.

## વિશ્વકવિતાકેન્દ્ર અંતર્ગત

તા. ૫, ૧૨, ૧૯-૮-૨૦૧૫ના રોજ બુધસભા અને ૨૬-૮-૨૦૧૫ના રોજ વ્યાખ્યાન સાંજે ૭-૦૦ કલાકે.

## ગુજરાત યુનિવર્સિટી માન્ય પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમ

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાય મંદિર દ્વારા ગુજરાત યુનિવર્સિટી માન્ય છ-માસિક પત્રકારત્વ અને અનુવાદના પ્રમાણપત્ર અભ્યાસક્રમના વર્ગોનું સત્ર ૨૦ ઑગસ્ટ, ૨૦૧૫થી શરૂ થશે. અભ્યાસક્રમમાં જોડાવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તાત્કાલિક સંપર્ક કરવો. વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ અપાશે. વર્ગો સોમવાર અને મંગળવારે સાંજના ૫-૦૦થી ૭-૦૦ના સમય દરમિયાન લેવાશે. પ્રવેશ માટેની યોગ્યતા : કોઈ પણ વિદ્યાશાખામાં સ્નાતક (બી.એ.).

**: સંપર્કસૂત્ર :**

ગુજરાતી સાહિત્ય પરિષદ, ટાઇમ્સની પાછળ, નદી કિનારે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ફોન : કાર્યાલય - (૦૭૯) ૨૬૫૮૭૯૪૭, (મો.) ૯૫૩૭૬૬૧૦૭૩

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને સાહચર્ય પ્રકાશન દ્વારા તા. ૨૦-૬-૨૦૧૫ના રોજ સાંજે ૫-૦૦ કલાકે વિશ્વકોશ ભવનમાં ‘સાહચર્ય વાર્ષિકી : ૨૦૧૫’ના પ્રકાશન નિમિત્તે ‘પ્રકાશન પર્વ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ‘સાહચર્ય વાર્ષિકી : ૨૦૧૫’નું લોકાર્પણ સુમન શાહે કર્યું હતું. સર્વશ્રી સિતાંશુ યશશ્ચંદ્ર, હરીશ મીનાશ્રુ, કમલ વોરા, જયદેવ શુક્લ અને ભરત નાયકે કાવ્યપઠન કર્યું હતું અને સર્વશ્રી રઘુવીર ચૌધરી, કાનજી પટેલે એમના લેખમાંથી ગદ્યઅંશોનું પઠન કર્યું હતું. સંચાલન નિસર્ગ આહિરે કર્યું હતું.

● તા. ૨૮-૬-૨૦૧૫ના રોજ ઓમ પ્લાઝા, ડોન ચોક, ભાવનગરમાં સાંજે ૫-૩૦ કલાકે યુવા સર્જકશ્રી નિમેશ જ. પંડ્યાની ઐતિહાસિક નવલકથા ‘ઉદયાસ્ત : દ્વારકા-સોમનાથ’નું વિમોચન થયું હતું. સર્વશ્રી માય ડીયર જયુ, વિનોદ જોશી, તથા મહેન્દ્રસિંહ પરમારે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

## **ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી અધિવેશન**

ગુજરાતી સાહિત્ય પરિષદનું આગામી ૪૮મું અધિવેશન ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ અને શ્રી મુક્તજીવન સ્વામિબાપા આર્ટ્સ-કૉમર્સ અને બી.સી.એ. કૉલેજના યજમાનપદે ભુજ મુકામે તારીખ ૨૫, ૨૬, ૨૭ ડિસેમ્બર-૨૦૧૫ના રોજ યોજાશે. આ અધિવેશનમાં નીચે મુજબની બેઠકો રહેશે.

**ઉદ્‌ઘાટન બેઠક**

૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦

**પ્રથમ બેઠક**

૨૫-૧૨-૨૦૧૫ને શુક્રવારે સાંજે ૮.૦૦

**આસ્વાદ બેઠક – કચ્છના પરિવેશની કૃતિઓનું વાચિકમ્**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે સવારે ૮.૦૦થી

મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક

**બીજી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે સવારે ૯.૩૦થી ૧૨.૩૦

**ચરિત્રાત્મક સાહિત્ય**

**ત્રીજી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે ૩.૦૦થી ૬.૦૦

**વિવેચન-સંશોધન**

**ચોથી બેઠક**

૨૬-૧૨-૨૦૧૫ને શનિવારે રાતે ૮.૩૦થી ૧૦.૩૦

યજમાન સંસ્થા આયોજિત **સાંસ્કૃતિક કાર્યક્રમ**

**પાંચમી બેઠક**

૨૭-૧૨-૨૦૧૫ને રવિવારે ૮.૩૦થી ૧૧.૦૦

**ગુજરાતી ભાષાનું શિક્ષણ**